સ્પોર્ટ્સ અપડેટ

ગુજરાત સ્ટેટ કુડો ચેમ્પીયનશીપમાં યુગરાજને ગોલ્ડ મેડલ

અમદાવાદ,

બારશાખ રાજપૂત સમાજના યુગરાજ મુકુંદભાઈ રાજપૂતને સ્ટેટ લેવલ કુડો ચેમ્પીયન શીપમાં ગોલ્ડમેડલ અને બેસ્ટ પ્લેયરનો એવોર્ડ મળ્યો છે. કુડો અસોશિયેશન ગુજરાત દ્વારા આયોજીત ગુજરાત સ્ટેટકુડો ચેમ્પીયનશીપ તા.૫-૮-૧૮ નવસારી ખાતે યોજાયેલ હતી, જેમાં ગુજરાતમાંથી ૬૦૦ વિદ્યાથીઓએ ભાગ લીધો હતા, જેમાં અમદાવાદના શ્રેયસ ફાઉન્ડેશન સ્કુલમાં ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાથી યુગરાજ મુકુંદભાઈ રાજપૂત ગોલ્ડ મેડલ/ બેસ્ટ પ્લેયર ઓફ ધી યર ૨૦૧૭/૨૦૧૮નો એવોર્ડ મેળવ્યો હતો. કુડોનર રમતના કોચ પ્રવિણભાઈ જાદવે ખુશી વ્યકત કરી યુગરાજને અભિનંદન આપ્યા હતા.

આદિવાસી અધિકારી અને ન્યાય માટે સંઘર્ષ કરતા રહીશું : મોહનભાઈ ડેલકર

વલસાડ

વિશ્વ આદિવાસી દિવસ અંતર્ગત આદિવાસી નેતાઓએ આદિવાસી અત્યાચાર અને તેમની અનદેખી પર સખત પ્રહાર કર્યા. આદિવાસી વિકાસ સંગઠને સાયલીમાં મહાસંમેલન રાખવામાં આવ્યું જેમાં દાદરા, નરોલી, રાંધા, કિલવણી, ગલોન્ડા, રખોલી, સામરવણી, દપાડા,અંબોલી, સુંરગી, ખાનવેલ, માંદોની, કૌંચા સહિત દરેક ગામડાઓના કાર્યકર્તા સામેલ થયા. આદિવાસી સભામાં મોટી સંખ્યામાં મહિલાઓ પણ ઉપસ્થિત હતી. સભામાં બોલતા માજી સાંસદ મોહનભાઈ ડેલકરે જણાવ્યું હતું કે, આદિવાસી દેશની પ્રગતિ અને વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી રહ્યા છે. તેમની સાથે બળજબરી અને અત્યાચાર ચલાવી લેવાશે નહી. ગામડાઓમાં આદિવાસી પ્રકૃતિ પ્રેમ અને મહેનતમાં વિશ્વાસ કરે છે. જંગલોમાં વસેલા આદિવાસીઓની જમીન પર ખેતી કરવાનો તેમનો પૈતૃક અધિકારી છે. આદિવાસીની સુરક્ષા અને કલ્યાણને લઈ ભારત સરકારે અનેક કાનુન બનાવ્યા છે. પ્રદેશમાં ઉધોગ સ્થાપિત થયા છે, હોસ્પિટલ અને શિક્ષણ કેન્દ્ર વધ્યા છે. ગામે દામ માર્ગ પહોંચ્યા છે. તેમ છતાં દૂર દૂરના ગામડાઓમાં વિકાસનો વેગ ધીમો પડી ગયો છે. પોતાના ૨૦ વર્ષના સાંસદ કાળમાં દાદરા નગર હવેલીના કોઈ પણ સમાજનું અહિત થવા ન દેવાયું. પ્રદેશના લોકોની સમસ્યા માટે દિલ્હી સુધી સંઘર્ષ કરાયો. પ્રદેશની જનતા માટે કયારે પણ ચુપ ન રહ્યા સંસદમાં અવાજ અવાજ ઉઠાવી એતિહાસીક કાર્યો કર્યા. પ્રેદશની જનતાની સાથે કયારે પણ અન્યાય ન થવા દીધો. ગત ૯ વર્ષમાં પરિસ્થિતિઓ બદલાઈ ગઈ છે. પ્રદેશનો વિકાસ પાંચ વર્ષ પાછળ ચાલી ગયો છે.

ગામમાં શિક્ષિત બેરોજગારોની ફોઝ બની ગઈ છે. લોકોની સામે રોજગારની સમસ્યા મુખ્ય બની છે. આદિવાસીઓને જંગલમાં ખેતીનો અધિકાર નથી મળ્યો. એવુ અનુભવાય રહ્યું છે કે, આદિવાસીઓની સાંભળનાર કોઈ નથી. તેઓએ વિશ્વાસ અપાવતા જણાવ્યું કે, ચિંતા છોડો અને આપનો સહયોગ આ રીતે જ મળતો રહ્યો તો ફરી સારા દિવસો આવશે. વિકાસેને વેગ મળશે. શિક્ષિત બેરોજગારોને નોકરી અપાવવામાં આવશે. જનપ્રતિનિધિઓ અધિકાર મળશે. પ્રશાસનમાં સામાન્ય નાગરિકની સુનાવણી થશે. અમે દરેક લોકોની સમસ્યા સાંભળી તેનો અંત લાવીશું.

ડેલકરે વધુમાં જણાવ્યું કે, તેઓ પ્રદેશમાં રહેતા આદિવાસી સમાજની સાથે અન્ય સમાજની સાથે સમાન વ્યવહાર કરે છે. આદિવાસી અમારા ભાઈ-બહેન છે તો અન્ય સમાજના બંધી મારા મિત્ર છે.રાજસ્થાન સમાજ, ઉત્તર ભારતીય, મુસ્લિમભાઈ, દક્ષિણ ગુજરાતના ભાઈ-બહેનો પ્રદેશના વિકાસમાં ઉત્સાહભેર યોગદાન આપી રહ્યા છે. આપણે બધા એ સાથે મળી પ્રદેશના વિકાસમાં ઉત્તરોઉત્તર લઈ જશું. તેઓએ કોઈનું નામ લીધા વગર જણાવ્યું કે, અમુક લોકો પ્રદેશમાં અમારા ભાઈ-બંધુઓને વહેંચવાનું કાર્ય કરી રહ્યા છે, ખાસ એવા સ્વાથી નેતાઓની પ્રદેશના યુવાનો બચીને રહે. ખીચોખીચ ભરેલા મંડપમાં જિલ્લા પંચાયત પ્રમુખ રમણ કાકવા, ઉપપ્રમુખ મહેશ ગાંવિત, ગ્રામ પંચાયતના ચુંટાયેલા પ્રતિનિધિ પણ ઉપસ્થિત હતા. પહેલા સભાને કાકવા અને ગાંવિત પણ સંબોધિત કરી હતી. ★

અરવલ્લી જિલ્લા પ્રજાપતિ સંઘ આયોજિત

મોડાસામાં જાહેર પરીક્ષા તાલીમ-વર્ગનું આયોજન થતા ૧૦૦થી વધુ તાલીમાર્થીઓને અપાતી તાલીમ

મોડાસા,

(તસ્વીર :ઇકબાલ ચિસ્તી - મોડાસા)

અખિલ ગુજરાત પ્રજાપતિ સંઘના સહયોગથી અરવલ્લી જિલ્લા પ્રજાપતિ સંઘ સમિતિ દ્વારા જાહેર પરીક્ષાઓ અંગેના તાલીમ વર્ગનો શુભારંભ તાજેતરમાં જ મોડાસા ખાતે જેસીસ હોલમાં કરવામાં આવતા ૧૦૦થી વધુ તાલીમાર્થીઓ દર શનિવાર અને રવિવારે તાલીમ લઈ રહ્યા છે.

આ તાલીમ દર શનિવારે બપોરે ૧૨:૦૦ થી ૫:૦૦ અને રવિવારે સવારે ૮:૦૦ થી ૫:૦૦ હિંમતનગરની ફેકલ્ટી દ્વારા આપવામાં આવે છે. આ તાલીમ વર્ગનું આયોજન સાબરકાંઠા જિલ્લા પ્રજાપતિ સંઘ સમિતિના કન્વીનર શ્રી કચરાભાઈ એસ પ્રજાપતિ તથા મોડાસાના શ્રી દિનેશભાઇ પરષોતમભાઈ પ્રજાપતિ તથા તેમની વ્યવસ્થાપક કમિટી દ્વારા થઈ રહ્યું છે. દિનેશભાઈ પોતાનો ધંધો-વ્યવસાય પણ આ બે દિવસ અળગો રાખીને દર શનિ - રવિ આ વર્ષ માટે સમયદાન આપી તાલીમાર્થીઓ માટે માર્ગદર્શનરૂપ બની રહ્યા છે. વિવિધ દાતાઓ દ્વારા દર રવિવારે ભોજન અને દર શનિવારે ચા-નાસ્તાનું આયોજન કરવામાં આવેલ છે. આ વર્ગોમાં સમાજના વર્ગ-૧,૨ માં જોડાયેલ અધિકારી શ્રી ઓ પણ માર્ગદર્શન પૂરું પાડી રહ્યા છે.આવાં શૈક્ષણિક કાર્ય થકી અરવલ્લી જિલ્લાના પ્રજાપતિ સમાજ માટે નવી જાગૃતિ લાવી એક દિશા ચિધવાનું કાર્ય રહેલ છે. આ જિલ્લા સંઘ સમિતિ અખિલ ગુજરાત પ્રજાપતિ સંઘ વડોદરાના પદાધિકારીઓનો ખુબ આભાર માન્યો હતો. ★

નામ બદલેલ છે
મેં મારૂ નામ **તર્જની સિધ્ધાર્થ શાહ** હતું તે બદલીને **તર્જની સિધ્ધાર્થ શાહ** રાખેલ છે.
સરનામું : સમકિત, ૨૩ જૈનનગર, ન્યૂ શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ
1578

નામ બદલેલ છે
મેં મારૂ નામ **બિજલ વસંતભાઈ શાહ** હતું તે બદલીને **બીજલ કૃણાલ શાહ** રાખેલ છે.
સરનામું : ૨૪, ધવલ ફલેટ, વેજલપુર બસ સ્ટેન્ડ પાસે, વેજલપુર, અમદાવાદ
1578A

નામ બદલેલ છે
મેં મારૂ નામ **ધવલ નરેશકુમાર જૈન** હતું તે બદલીને **ધવલ નરેશકુમાર જૈન** રાખેલ છે.
સરનામું : બી-૧૦૧, મલ્લીનાથ કોમ્પલેક્ષ, સુજાતા ફલેટની સામે, શાહીબાગ, અમદાવાદ
1578B

સરકારી વિનયન કોલેજ, બાયડમાં

કલા સહવાસ અને જીવન વિષય પર સેમિનાર યોજાયો

બાયડ,

(તસ્વીર:- દિલીપ પુરોહિત ,બાયડ)

૦૮/૦૮/૨૦૧૮ના રોજ સરકારી વિનયન કોલેજ, બાયડના ગુજરાતી વિભાગ સંચાલિત " સાહિત્ય સંગતિ ક્લબ " દ્વારા ગુજરાતી વિષયના વિદ્યાર્થીઓ માટે "કલા સહવાસ અને જીવન" વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા તરીકે કલાવિદ શ્રી મધુસુદન પટેલ હાજર રહ્યા હતાં. સેમિનારમાં ગુજરાતી વિષયના ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

સેમિનાર દરમિયાન આચાર્યશ્રી એસ. બી. ભાવસારે વિદ્યાર્થીઓની હાજરી અને વાંચન પ્રત્યે વધી રહેલ પ્રીતિને બિરદાવી હતી. ગુજરાતી વિભાગ દ્વારા ચાલુ વર્ષે થઈ રહેલા વિવિધ કાર્યક્રમોની સરાહના કરી હતી. વાંચનપ્રતિ ઉત્સાહિત કરવાના પ્રયાસો ભવિષ્યમાં હકારાત્મક પરિણામ લાવશે અને અન્ય કોલેજો પણ આ વિભાગના નવતર અભિગમને અનુસરશે તેવી આશા વ્યક્ત કરી હતી. સેમિનારમાં ડૉ. પંકજ બી. પટેલે સ્વરચિત કાવ્ય રજૂ કરી માનવ જીવનમાં કલાઓનું સ્થાન અને મહત્વ સમજાવ્યું હતું.પ્રા.નટુભાઈ પરમાર અને અન્ય વિદ્યાર્થીઓએ ગુજરાતીની અન્ય કવિઓની રચનાઓનું પઠન કર્યુ હતું. પ્રા. અલ્પાબેન પટેલ દ્વારા મધુર સ્વરમાં કાવ્યગાન કરવામાં આવ્યું હતું.ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. કલ્પના મચ્છરે શાબ્દિક સ્વાગત કર્યુ હતું. શ્રી મધુસુદન પટેલે વિદ્યાર્થીઓને ઝવેરચંદ મેઘાણીની મેઘરજ – માલપુર વિસ્તારમાં પ્રચલિત કાવ્યરચનાઓ, ગઝલો અને લગ્નગીતોને લય – લહેકા સાથે બેનમૂન રીતે વિદ્યાર્થીઓ સમક્ષ પ્રસ્તુત કર્યા હતાં. વિદ્યાર્થીઓ પણ કલાવિદ મધુસુદનના વિવિધ આરોહ – અવરોહ સાથેના ગાનથી મંત્રમુગ્ધ થયેલા જણાતા હતા અને ૧:૩૦ કલાકના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ માંગણી કરતા ૩ કલાક સુધી લંબાવવો પડયો હતો. શ્રી મધુસુદન પટેલે ચિત્ર, સંગીત, વાદ્યસંગીતનો શોખ કેવી રીતે આદતમાં પરિણમ્યો તેની માહિતી વિદ્યાર્થીઓને આપી પોતે પણ રોજીંદા જીવનમાં કોઈ એક કલાનો સહવાસ કેળવવા આગ્રહ કર્યો હતો.વિદ્યાર્થીઓની માંગણીને ધ્યાનમાં લઈ મધુસુદન ભાઈએ સમય લઈ આવતાં સત્રમાં ફરી કાર્યક્રમ કરવાનું વચન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમની આભારવિધિ એસો. પ્રોફેસર શ્રી એચ. વી. પટેલે કરી હતી. તેમજ સંચાલન ગુજરાતી વિભાગના પ્રા.અલ્પાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. ★

ઉમરગામ પાલિકા વિસ્તારમાં ક્રિકેટ ગ્રાઉન્ડ તરફ જતા માર્ગમાં નાળા નાંખવાનું કામ શરુ

(તસ્વીરઃ-અશોક જોષી, વલસાડ)

વલસાડ,

ઉમરગામ નગરપાલિકા વિસ્તારમાં સી.ઓ.ની વારંવાર બદલી અને રાજીનામાના દોર વચ્ચે નગરજનોને સુવિધા ઉપલબ્ધ કરાવવા સાથે ઉમરગામ નગરપાલિકા વિસ્તારના સર્વાગી વિકાસનું સુત્ર સાર્થક કરવા પ્રમુખ ઈશ્વરભાઈ બારી, કા.બા. અધ્યક્ષ નિતેશ મસોલીયા તથા સભ્યો સતત પ્રયત્નશીલ જોવા મળે છે. ચોમાસા અગાઉ મંજૂર કરેલ વિકાસ કામોનું સ્થળ નિરીક્ષણ કરી પ્રમુખ ઈશ્વરભાઈ દ્વારા જરૂરી સુચન કરાતા રહ્યા છે. સાંમ્પ્રત સમયમાં ઉમરગામ કોસ્ટલ હાઈ-વેથી ડોસલા મહાદેવ મંદિર તરફ જતા માર્ગ વચ્ચે નાળા નાંખવાની કામગીરીનું સ્થળ નિરીક્ષણ કરી જરૂરી સૂચનો કર્યા હતા. દરીયા કિનારે સર્કિટ હાઉસ પાસેના ક્રિકેટ ગ્રાઉન્ડના ડેવલોપમેન્ટની કામગીરી ચાલી રહી છે. પ્રમુખ તથા કા.બા. અધ્યક્ષે રણજી પ્લેયરોને સાથે રાખી ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે દર્શકો તથા ખેલાડીઓને ઉત્તમ સુવિધા મળી રહે તે માટે ચર્ચા કર્યા બાદ એજન્સીને જરૂરી માર્ગદર્શન પુરુ પાડયું હતું સાથે એમ.એમ. હાઈસ્કૂલ તરફ જતા માર્ગને પહોળો બનાવવાની કામગીરી વહેલી તકે પૂર્ણ કરવા જણાવ્યું હતું. ★

ફતેપુર પ્રા.આ.કેન્દ્રમા રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી

મોડાસા,

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.મનિષ ફેન્સીની સુચનાથી પ્રાંતિજ તાલુકાના ફતેપુર પ્રા.આ.કેન્દ્રમા તા.૧૦/૦૮/૨૦૧૮ ના.રોજ રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી કરવામાં આવી.તેમા ૧વર્ષથી ૧૯વર્ષ સુધીના તમામ શાળા, આગણવાડીમાં જતાં તથા ન જતાં તમામ બાળકોને શાળા તથા આંગણવાડીમાં આરોગ્ય કાર્યકરો,આંગણવાડી કાર્યકરો,શિક્ષકો તથા આશા બહેનો દ્વવારા બાળકોને કૃમિનાશક ગોળી ખવડાવવામાં આવી હતી.ફતેપુર પ્રા.આ.કેન્દ્રના મેડિકલ ઑફિસર ડૉ.નિશીત શાહ,ડૉ.તસ્લીમબાનુ,આરોગ્ય કાર્યકર શૈલેષ નાયી તથા સુપરવાઈઝર પ્રવિણસિંહ દ્વારા આયોજન કરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ★

માલપુરના રંભોડા ગામે મહિલાનું વીજ કરંટ લાગતા મોત

મોડાસા,

માલપુર તાલુકાના રંભોડા ગામે શુક્રવારે સવારે વીજ કરંટ લાગતા મહિલાનું મોત નિપજતા કરૂણ ઘટના બનતા રોહિત સમાજમાં શોકની લાગણી છવાઈ હતી રંજન બેન બાલા ભાઈ ચમાર (ઉં.વર્ષ-૩૬) ઘર કામ દરમિયાન લાઈટ ની સ્વીચ ચાલુ કરવા જતા કરંટ લાગતા ધડાકાભેર જમીન પર પટકાતા મહિલાના પરિવારજનો ઈજાગ્રસ્ત મહિલાને માલપુર દવાખાને ખસેડવાની તજવીજ હાથધરાતા મહિલા દવાખાન પહોંચે તે પહેલા રસ્તામાં પ્રાણ પંખેરું ઉડી જતા દવાખાનમાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા પરિવારજનોએ ભારે રોકોક્કળ કરી મૂકી હતી મહિલાને વીજ કરંટ લાગતા મોત નીપજ્યું હોવાની જાણ થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી માલપુર દવાખાને મોટી સંખ્યામાં મહિલાના પરિવાજનો અને સાગા સંબંધીઓ ઉમટી પડ્યા હતા. ★

GTPL HATHWAY LIMITED (formerly known as GTPL Hathway Pvt. Ltd.)
Registered Office : C-202, 2nd Floor, Sahajanand Shopping Centre,Opp. Swaminarayan Mandir, Shahibaug, Ahmedabad - 380 004.Tel: 91-079-30280340 Fax: 91-079-30280335, CIN: L64204GJ2006PLC048908
Website: www.gtpl.net • E-mail: complianceofficer@gtpl.net (Amount Rupees in Millions)

STATEMENT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED JUNE 30, 2018

Sr. No.	Particulars	Consolidated		
		Quarter ended		Year ended
		June 30, 2018	June 30, 2017	March 31, 2018
		Unaudited	Unaudited	Audited
1.	Total Income from Operations	2,969.12	2,572.51	10,912.69
2.	Net Profit / (Loss) for the Period (before Tax and Exceptional Items)	204.35	209.27	1,040.11
3.	Net Profit / (Loss) for the Period before Tax (after Exceptional Items)	200.79	205.67	978.02
4.	Net Profit / (Loss) for the Period after Tax	125.74	126.93	563.99
5.	Total Comprehensive Income / (Loss) for the Period (comprising Profit / (Loss) for the Period after Tax and Other Comprehensive Income (after Tax))	124.98	126.57	567.18
6.	Paid up Equity Share Capital (Face value of Rs. 10/- each)	1,124.63	1,124.63	1124.63
7.	Other Equity (As Shown in the Audited balance sheet)	---	---	5,452.21
8.	Earning Per Share - (basic, diluted and not annualised) (in Rs.)	1.19	1.62	5.61

Notes : (1) The above is an extract of the detailed format of Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Standalone and Consolidated Financial Results for the quarter ended on June 30, 2018 are available on the Stock Exchange websites (www.bseindia.com and www.nseindia.com) and on the Company website (www.gtpl.net).
(2) The Company has opted to publish quarterly consolidated financial results for the first time from quarter ended June 30, 2018, accordingly figures for the corresponding quarter ended June 30, 2017 in consolidated financial results are based on management certified unaudited accounts. **(3)** Additional information on standalone financial results is as follows:
(Amount Rupees in Millions)

Sr. No.	Particulars	Quarter ended		Year ended
		June 30, 2018	June 30, 2017	March 31, 2018
		Unaudited	Unaudited	Audited
1.	Total Operations Income	1,955.35	1,744.19	7,389.46
2.	Net Profit / (Loss) for the Period (before Tax and Exceptional Items)	145.27	224.85	937.05
3.	Net Profit / (Loss) for the Period before Tax (after Exceptional Items)	145.27	224.85	894.65
4.	Net Profit / (Loss) for the Period after Tax	95.57	148.39	590.68

(4) The aforesaid results have been reviewed by the Audit Committee and approved by the Board of Directors at their meetings held on August 10, 2018.

For GTPL Hathway Limited
Anirudhsinh Jadeja,
Managing Director,
DIN No: 00461390

Place : Ahmedabad
Date : August 10, 2018

In The Court Of Xi Additional District Judge, District Court, Indore
Presiding Officer : प्रकाशचन्द्र आर्य
आदेश 5 नियम 20 व्यवहार प्रक्रिया संहिता 1908 के अंतर्गत प्रकाशन हेतु)
(RCS B/0000182/2017)
प्रतिभा सिन्टेक्स लिमिटेड द्वारा नरेन्द्र कुमार जोशी ....वादी
v/s
रूपल शाह .....प्रतिवादी
Process ID - 2018
पेशी दिनांक : 20.08.2018

प्रेषित
(1) रूपल शाह पता ए–188, सिंथोफाइन स्टेट बी बटा एच विरवानी गोरेगांव मुम्बई एवं 2531 धनतुरा पोल के सामने दरियापुर अहमदाबाद गुजरा एवं डी–310, सुमेल बिजनेस पार्क–3 यू क्लाथ मार्केट सारंगपुर अहमदाबाद गुजरात

यह कि प्रार्थी प्रतिभा सिन्टेक्स लिमिटेड द्वारा नरेन्द्र कुमार जोशी ने आपके विरुद्ध के लिए वाद संस्थित किया है, आपको इस न्यायालय में सूचना के प्रकाशन के 30 दिवस के भीतर वाद का उत्तर देने के लिये उपसंजात / हाजिर होने के लिये सम्मन किया जाता है ,आप न्यायालय में स्वयं या किसी ऐले प्लीडर (अधिवक्ता) द्वारा उपसंचात हो सकते हैं, जिसे सम्यक अनुदेश दिये गये हों और जो इस वाद से संबंधित सभी सारवान कथनों का उत्तर दे सके। आपको यह निर्देश भी दिया जाता हैकि उस दिन अपनी प्रतिरक्षा का लिखित कथन प्रस्तुत करें और उस दिन ऐसे सब दस्तावेज जो आपके कब्जे या शक्ति में है पेश करें जिन पर आपका प्रतिरक्षा या मुजराई का दावा या प्रतिदावा आधारित हो, और यदि आप अन्य किसी दस्तावेज पर चाहे वह आपके कब्जे या शक्ति में हो अपनी प्रतिरक्षा या मुजरा के दावे या प्रतिदावे के समर्थन में साक्ष्य के रूप में निर्भर करते हैं तो ऐसी सभी दस्तावेज की लिखित कथन के साथ उपलब्ध की जाने वाली सूची में प्रविष्टि करें।

आपको सूचित किया जाता है कि यदि आप ऊपर बताई गई अवधि में इस न्यायालय में उपस्थित नहीं होंगे तो वाद की एक पक्षीय सुनवाई कर उसका निपटारा आपकी अनुपस्थिति में किया जायेगा। साथ ही यह भी सूचित किया जाता है कि यदि आप निराकरण मध्यस्थ के माध्यम से करने के इच्छुक हैं तो पीठासीन अधिकारी को अवगत करावें।

यह आज तारीख 07 जुलाई 2018 को मेरे हस्ताक्षर से और न्यायालय की मुद्रा लगा कर दिया गया है।

न्यायालय की मुद्रा
(मुद्रा)
पी.सी. आर्य
एकादश अपर जिला न्यायाधीश
इन्दौर (म.प्र.)

टिप्पणी:
कृपया ध्यान दें : 1. यदि किसी कारणवश उक्त तिथि को न्यायालय अवकाश पर रहेगा। तो आगामी कार्यदिवस पर यह प्रकरण सुनवाई में लिया जावेगा।

GUJARAT CONTAINERS LTD
CIN - L28120GJ1992PLC017081
Regd. Office;- 488, Baroda - Savli Highway, Vilage - Tundav, Taluka-SAVLI, DIST. Baroda-Gujarat.
Ph. No. 2667-262084/26220 : Website : www.gujaratcontainers.com
EXTRACT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE, 2018.
(RS. IN LACS)

SR. NO.	PARTICULARS	QUARTER ENDED			YEAR ENDED
		30/06/2018 (Unaudited)	31/03/2018 (Audited)	30/06/2017 (Unaudited)	31/03/2018 (Audited)
1	Total Income from Operation	1,79,870	1,87,420	1,47,241	6,08,134
2	Net Profit for the period (before tax Exceptional and / or Extra Ordinary items)	1,929	2,841	2,562	12,082
3	Net Profit for the period before tax (after Exceptional and / or Extra Ordinary itemsitems)	1,929	979	2,562	7,719
4	Net Profit after tax (after Exceptional and / or Extra Ordinary itemsitems)	1,929	979	2,562	7,719
5	Total Comprehensive income for the periods (Comprising Profit / (Loss) for the period (after tax) and other comprehensive Income (after Tax)	1,929	(206)	2,562	6,534
6	Paid-up Equity share capital (Face Value of Rs.10.00/- each)	56,500	56,500	56,500	56,500
7	Reserve (excluding Revaluation Reserve) as shown in the Balance Sheet of Previous year.	-	-	-	42,381.60
8	Earnings Per Share (EPS) (for continuing and discontinued operations) (Face Value of Rs. 10 Each)				
	a) Basic and Diluted EPS before Extraordinary items	0.34	0.17	0.45	1.37
	b) Basic and Diluted EPS after Extraordinary items	0.34	0.17	0.45	1.37

Note :
1) The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors at their meeting held on 8th August,2018
2) The above is an extract of detailed format of Financial Results filed with Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations 2015. The full format of Finanical Results are available on the Company's website www.gujaratcontainers.com as well as on the stock exchange's Website www.bseindia.com

For Gujarat Container's Limited Sd/-
Kiran Shah
Chairman & Managing Director
DIN : 01862236

Place : Vadodara
Date : 8-08-2018

કોરલ લેબોરેટરીઝ લિમિટેડ
નોંધણીકૃત કાર્યાલયઃ એસ એફ–૨૦૬, સિલ્વર ઓક કોમ્પ્લેક્સ, બી.પી.સી. રોડ, વડોદરા – ૩૯૦૦૨૦.
ફોન : ૦૨૨–૨૫૦૦૫૨૪૫/૪૬ ફેક્સ : ૦૨૨–૨૫૦૦૪૮૯૩.
વેબસાઇટ : www.corallab.com ઇમેલ : cs@corallab.com
કોર્પોરેટ કાર્યાલયઃ ૩/બી, પાટણવાલા કમ્પાઉન્ડ, શ્રેયસ સિનેમાની સામે, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (પશ્ચિમ) મુંબઈ – ૪૦૦૦૮૬
CIN: L24231GJ1997PLC031669

ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડના ઉપલક ખાતામાં ઈક્વિટી શેર ટ્રાન્સફર કરવા બાબતે શેરહોલ્ડરોને પાઠવવામાં આવતી નોટીસ

કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા અન્ય અનુગામી સુધારાઓની સાથે ૭ સપ્ટેમ્બર, ૨૦૧૬થી સૂચિત કરવામાં આવેલ ઇન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ઓથોરિટી (એકાઉન્ટિંગ, ઑડિટ, ટ્રાન્સફર અને રીફન્ડ) નિયમો ૨૦૧૬ (''નિયમો'')ના નિયમ ૬ અનુસાર કંપનીના શેરધારકોને આથી નોટીસ પાઠવવામાં આવે છે.

ઉક્ત ડિવિન્ડને જાહેર કર્યાના અને ચૂકવી દીધાના સાત વર્ષ વીતી ગયા હોવાથી અને હજુ પણ તે હક-દાવો કર્યા વગરના રહ્યા હોવાથી નાણાંકિય વર્ષ ૨૦૧૦-૧૧ના હક-દાવો નહીં કરાયેલ ડિવિડન્ડને ૭ નવેમ્બર, ૨૦૧૮ના રોજ ટ્રાન્સફર કરી દેવામાં આવશે.

છેલ્લાં સાત કે તેથી વધુ વર્ષમાં એવા તમામ શેર કે જેના ડિવિડન્ડ માટે કોઈપણ શેરધારક દ્વારા નાણાં રોકડા કરી લેવામાં આવ્યાં ન હોય અથવા તેની પર કોઈ હક-દાવો કરવામાં ન આવ્યો હોય તેને ટ્રાન્સફર માટેની જોગવાઈ ધરાવતાં નિયમોના સંબંધે ઇન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (''આઇઇપીએફ'')ના ઉપલક ખાતામાં ટ્રાન્સફર કરી દેવામાં આવશે.

નિયમોમાં નિયત કરવામાં આવેલ વિવિધ જરૂરિયાતોનું પાલન કરતાં કંપનીએ જેમના શેર ઉક્ત નિયમો અંતર્ગત આઇઇપીએફના ઉપલક ખાતામાં ટ્રાન્સફર થઈ જવાને પાત્ર છે તેવા તમામ સંબંધિત શેરધારકોને ૩૧ ઑક્ટોબર, ૨૦૧૮ સુધીમાં અથવા તે પહેલાં તેમની વણચુકવાયેલી/હક-દાવો નહીં કરવામાં આવેલી રકમ પર હક-દાવો કરી લેવા વ્યક્તિગત રીતે સંપર્ક સાધ્યો હતો.

કંપનીએ તેની વેબસાઇટ www.corallab.com પર આવા તમામ શેરધારકો અને આઇઇપીએફના ઉપલક ખાતામાં ટ્રાન્સફર થવાને પાત્ર શેરની સંપૂર્ણ વિગતો અપલોડ કરી હતી.

ભૌતિક સ્વરૂપે શેર ધરાવનારા અને જેમના શેર આઇઇપીએફના ઉપલક ખાતામાં ટ્રાન્સફર થવાને આધિન છે તેવા સંબંધિત શેરધારકો નોંધે કે, આઇઇપીએફના ઉપલક ખાતામાં શેરને ટ્રાન્સફર કરવા માટે તેમના દ્વારા ધરાવવામાં આવેલ મૂળ સર્ટિફિકેટને સ્થાને કંપની નિયમ મુજબ નવા શેર સર્ટિફિકેટ જારી કરી રહી છે અને આ મુદ્દે મૂળ સર્ટિફિકેટ કે જે તેમના નામે નોંધાયેલ છે, તે આપમેળે રદ થઈ જશે અને તેને બિન-વિનિમયક્ષમ માનવામાં આવશે. શેરધારકો આગળ નોંધે કે, કંપની દ્વારા તેમની વેબસાઇટ પર અપલોડ કરવામાં આવેલી વિગતોને, નિયમો મુજબ આઇઇપીએફના ઉપલક ખાતામાં શેર ટ્રાન્સફર કરાવવા માટે કંપની દ્વારા નવા શેર સર્ટિફિકેટની જાહેર કરવા સંબંધિત નોટીસ તરીકે ગણવામાં અને માનવામાં આવે.

સંબંધિત શેરધારકો એ વાત નોંધે કે, આ મુજબનું ટ્રાન્સફર થઈ ગયા બાદ, હક-દાવો નહીં કરવામાં આવેલ ડિવિડન્ડ અને આઇઇપીએફના ઉપલક ખાતામાં ટ્રાન્સફર થઈ ગયેલા શેર તથા આવા શેર પર ઉપાર્જિત લાભ સહિત બંનેમાંથી કોઈને પણ આઇઇપીએફ ઓથોરિટી પાસેથી પરત મેળવવાનો હક-દાવો કરવો હશે તો નિયમોમાં જણાવ્યા અનુસાર, આઇઇપીએફ ઓથોરિટીને ફોર્મ આઇઇપીએફ-૫ માં અલગથી અરજી કરવાની રહેશે, જે ફોર્મ આઇઇપીએફની વેબસાઇટ www.iepf.gov.in પર ઉપલબ્ધ છે.

વધુ માહિતી માટે સંબંધિત શેરધારકો અમારા રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ મે. લિંક ઇનટાઇમ પ્રાઇવેટ લિમિટેડનો સી-૧૦૧, ૨૪૭ પાર્ક, એલબીએસ માર્ગ, વિક્રોલી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૮૩, ટેલિ. નં. (૦૨૨) ૪૯૧૮૬૦૦૦ પર સંપર્ક કરી શકે છે. ઈ-મેઈલઃ iepf.shares@linkintime.co.in

કોરલ લેબોરેટરીઝ લિમિટેડ વતી,
સહી/-
સુષ્મા ચિનચને
ડિરેક્ટર
(ડીઆઇએનઃ ૦૭૭૯૧૭૩૫)
સ્થળઃ મુંબઈ
તારીખઃ ૧૦ ઓગસ્ટ, ૨૦૧૮

ISL CONSULTING LIMITED
રજીસ્ટર્ડ ઓફિસઃ- ૫૦૧, પાંચમો માળ